નિષ્ઠુર વહીવટી તંત્ર સાચુ સત્ય ક્યારે સમજશે..!!

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પીવાના પાણી માટે ટળવળતા મૂંગા પશુઓ, તળાવો ખાલીખમ થતાં દુકાળની સ્થિતિ
ખોખલી નેતાગીરીથી જિલ્લાને દરેક ક્ષેત્રે અન્યાય, અધિકારીઓ કોઈને ગાંઠતા જ નથી..નો સાર્વત્રિક સૂર

બાયડ તા.૩૦

શિયાળાની કાતિલ ઠંડીમાં પ્રજા ઠૂઠવાઈ રહી છે. તળાવો ખાલીખમ થઈ જતાં દુકાળની સ્થિતિ સ્પષ્ટ જણાય છે. મૂંગા પશુઓ પીવાના પાણી માટે ભરશિયાળે વલખાં મારે છે અને દર મહિને યોજાતી આયોજનની બેઠકમાં સબસલામતની આલબેલ પોકારી ચા-નાસ્તાની જ્યાફત ઉડાવવામાં આવે છે પરંતુ વાસ્તવમાં ગ્રાઉન્ડ ઉપરની સ્થિતિ કંઈક ઔર છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ખોખલી નેતાગીરીથી જિલ્લાને દરેક ક્ષેત્રે અન્યાય થયો છે અને હવે રાજકીય પક્ષના કાર્યકરો પણ જાહેરમાં બોલી રહ્યા છે કે અધિકારીઓ કોઈને ગાંઠતા જ નથી.

જિલ્લામાં હવે ગુજરાતી કહેવત અનુસાર સ્થિતિ એવી થઈ છે કે હવાડા બનાવ્યા પરંતુ કૂવામાં પાણી જ નથી..!! સતત પાણીના પોકારો નિષ્ઠુર તંત્રને સંભળાતા નથી. વહીવટી તંત્ર જે રીતે આંખ આડા કાન કરી રહ્યું છે તે જોતાં ફેબ્રુઆરીના અંતમાં પીવાના પાણી માટે પાણીપત જેવી ત્રાસદાયક સ્થિતિ ઉભરી શકે છે.

જિલ્લાના ૧૮ લાખથી વધુ મૂંગા પશુધન માટે ફેબ્રુઆરીના આરંભથી જ જળ સંકટે જડબું ફાળ્યું છે. બંન્ને જિલ્લાના ૧૦૦૦થી વધુ તળાવ પૈકી ૯૦૦ તળાવ સંપૂર્ણ ખાલી છે. બાકીના ૧૦૦ તળાવમાં માંડ ૧૦ થી ૧૫ ટકા પાણી છે જે આગામી સપ્તાહમાં જ અદ્રશ્ય થઈ જશે. બાયડના સાઠંબા થી પોશીના સુધી તળાવ, ચેકડેમ ખાલીખમ છે. નદીઓ કોરી ધાક્કોર બની ગઈ છે છતાં સ્થાનિક પ્રસાશન જિલ્લામાં પીવાના પાણી અને ઘાસચારાની કોઈ અછત ન હોવાના દાવા કરી રહી છે. મૂંગુ પશુધન તરસ છીપાવવા માટે અહીંથી તહીં ભટકતું જોવા મળ્યું. તળાવો ખાલીખમ થતાં મૂંગા પશુઓ કાદવને ચાટતાં જોવા મળ્યા, અનેક તળાવો ખાલીખમ થયા પછી છપ્પનિયા દુષ્કાળને યાદ અપાવે તેવા દ્રશ્યો તળાવમાં જોવા મળ્યા. માલધારીઓ પણ જણાવી રહ્યા છે કે ખાનગી બોરકૂવામાં પણ પાણીનાં તળ ઉંડાં ઉતરતાં કેટલાક જીવદયા પ્રેમીઓ મૂંગા પશુઓની તરસ છીપાવવાનો બે હાથ જોડીને ઈન્કાર કરી રહ્યા છે.

કોઠાસૂઝવાળા અધિકારીઓની અછત

જિલ્લામાં અગાઉના વર્ષોમાં શિયાળાના આરંભે જ અધિકારીઓ મૂંગા પશુધનની ચિંતા કરી સરકારમાં યોગ્ય રીપોર્ટ કરતા જેના કારણે શિયાળાના અંતમાં જ ઘાસચારા અને પાણીની વૈકલ્પિક વ્યવસ્થા ઉભી થઈ જતી પરંતુ જિલ્લાના વર્તમાન અધિકારીઓ માત્ર તાયફામાંથી ઉંચા આવતા નથી. પોતે શુદ્ધ મીનરલ વોટર પીવે છે અને ગામડાંની પ્રજાને અશુદ્ધ પાણી પીવા મળતું હોવા છતાં શુદ્ધ પાણી પીવા મળી રહ્યું છે તેવા દાવા કરે છે. આજે પણ જિલ્લાના અનેક ગામોમાં ૨ કે ૪ દિવસે પીવાનું પાણી નસીબ થઈ રહ્યું છે.

કોરોના વોરિયર્સ કોરોનાના સકંજામાં

અરવલ્લી આરોગ્ય વિભાગના ૩ અધિકારીઓ કોરોનાથી સંક્રમિત, હોમ આઈસોલેટ થયા : તેમના સંપર્કમાં આવેલા કર્મચારીઓ સંક્રમિત થયાની આશંકા

બાયડ, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં કોરોના વોરિયર્સ ખુદ કોરોનાના સકંજામાં આવ્યા છે. જિલ્લા ઈ.એમ.ઓ. તેમજ માલપુર અને મેઘરજ ટી.એચ.ઓ. કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા છે તેમના સંપર્કમાં આવેલા અસંખ્ય કર્મચારીઓ સંક્રમિત થયાની આશંકાના પગલે તેમના પણ કોરોના ટેસ્ટ થયાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

અરવલ્લી જિલ્લો કોરોના રસીકરણ ઝુંબેશમાં સારી કામગીરી કરી શક્યો છે. ૧૫ થી ૧૮ વર્ષની વયના કિશોરના રસીકરણમાં પણ જિલ્લામાં સારી સફળતા મેળવતાં વહીવટીતંત્ર દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી. વર્તમાન સપ્તાહથી જિલ્લામાં કોરોના સંક્રમણ વધતાં દૈનિક ડબલ ફીગરમાં દર્દીઓની સંખ્યા નોંધાઈ રહી છે ત્યારે કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરનારા આરોગ્ય વિભાગના અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થતાં ચિંતા વધી છે. મળેલી જાણકારી અનુસાર જિલ્લા આરોગ્ય વિભાગના ઈ.એમ.ઓ. ડો. પ્રવિણભાઈ ડામોર, માલપુર, ધનસુરા તાલુકા હેલ્થ અધિકારી ડૉ. યોગેશભાઈ ગોસ્વામી, મેઘરજ હેલ્થ અધિકારી ડૉ. પિતામ્બરભાઈ પી. પરીખ કોરોનાથી સંક્રમિત થતાં તાલુકામાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જ્યારે કોરોના સંક્રમણ વખતે દર્દીઓના રિપોર્ટ અને માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન વખતે ત્રણેય અધિકારીઓએ અનેક સ્થળોની મુલાકાત લેવાની સાથે આરોગ્ય કર્મચારીઓના સંપર્કમાં આવ્યા હોવાથી અન્ય કર્મચારીઓ પણ સંક્રમિત થયાની આશંકા છે. જ્યારે કોરોનાની ઝપેટમાં આવેલા ત્રણેય અધિકારીઓની તબિયત સ્થિર અને હાલ હોમ આઈસોલેટ હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું છે.

બાયડ-કપડવંજ હાઈવે ઉપર બનાવેલા સ્પીડ બ્રેકર મોતનું કારણ બનશે

બોરલ સુણદા નજીકના બમ્પ એટલે સાક્ષાત યમદૂત

બાયડ, તા. ૩૦

બાયડ-કપડવંજ હાઈવે ઉપર એજન્સીએ પ્રજા પર ઉપકાર કરી સ્પીડ બ્રેકર તો બનાવ્યા પરંતુ જોખમી હોવાથી ખાસ કરીને બોરલ અને



સુણદા ગામ નજીકના બમ્પ અકસ્માત નિવારવા નહીં પરંતુ અકસ્માત થાય તે માટે જ તૈયાર કરાયાનું દેખાઈ રહ્યું છે.

એજન્સી અને આર.એન્ડ બી. નડીયાદ ડીવીઝન દ્વારા જોખમી સ્પીડ બ્રેકરનું યોગ્ય મરામત કામ નહીં થાય તો મોટા હાદસા થવાની દહેશત સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસા-બાયડ-કપડવંજ હાઈવે અસમતોલ બન્યો છે. એજન્સીએ સરકાર અને માર્ગ અને મકાન વિભાગની આંખોમાં ધૂળ નાંખી હોય તેમ માત્ર ગણતરીના જોખમી રોડ ઉપર મલમપટ્ટા લગાવી કામ આટોપી લીધું છે. બાયડના મુખ્ય બજારનો અસમતોલ રોડ ઓર્થોપેડીક સર્જનો માટે ધંધો વધારનારો બન્યો છે. જ્યારે બાયડ-કપડવંજ હાઈવે ઉપર બોરલ ગામ અને સુણદા ગામના પાટીયા પાસે બનાવેલા સ્પીડ બ્રેકર કોઈપણ પ્રકારના અભ્યાસ વગર બનાવી દેતાં અનેક વાહન ચાલકો પટકાઈ જાય છે કાં તો વાહન ઉપરનો કાબુ ગુમાવી રહ્યા છે ત્યારે સ્ટેટ હાઈવે ઉપર સ્પીડ બ્રેકર માટે જે નિયમો તૈયાર કર્યા હોય તેનાથી વિપરીત બમ્પ બનાવ્યા છે અને બમ્પ અગાઉ ચેતવણી મળી જાય તે રીતે બમ્પ આગળ ઝીબ્રા ક્રોસીંગ જેવા કોઈ પટ્ટા પણ લગાવવામાં આવ્યા નથી. સ્થાનિક વાહન ચાલકોએ જણાવ્યું કે આ બંને સ્થળે ડેન્ઝરસ બમ્પના કારણે મોટા વાહનોના પાટા તૂટી જાય છે અને નાના વાહન ચાલકો પટકાઈ પડતાં આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે.

પુરાતન સ્થળોની જાળવણીમાં સરકાર નિષ્ક્રિય

અભાપુર-સારણેશ્વરના પુરાતન સ્થળો જાળવણીના અભાવે વધુ ખંડેર બન્યાં

યોગ્ય જાળવણી નહીં કરાય તો દોઢ દાયકામાં પુરાતન સ્થળો ભૂતકાળ બની જશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

સાબરકાંઠાના અનેક વિસ્તારોમાં પુરાતન સ્થળો જાળવણીના અભાવે ખંડેર બની ગયા છે.

પોળો મહોત્સવ પછી વિજયનગરના અભાપુર અને સારણેશ્વરની વૈશ્વિક ઓળખ વધુ ગાઢ બની છે. અહીંયાં હજારો વર્ષ પહેલાં થયેલા હુમલામાં ખ્યાતિ પ્રાપ્ત મંદિરો નષ્ટ કરી દેવામાં આવ્યા હતા પરંતુ પુરાતત્વ વિભાગ તેની જાળવણીમાં ઉણું ઉતર્યું છે તે સાથે જ સરકારે પણ પુરાતન સ્થળોની જાળવણીમાં નિષ્ક્રિય બની જતાં વિજયનગરના અનેક પૌરાણિક સ્થળો જાળવણીના અભાવે વધુ ખંડેર બન્યાં છે. દર વર્ષે વર્લ્ડ હેરીટેજ સપ્તાહની ઉજવણી તો થાય છે પરંતુ તેની જાળવણી માટે યોગ્ય પગલાં નહીં ભરાય તો અભાપુર-સારણેશ્વરના પુરાતત્વ અવશેષો આગામી દોઢ દાયકામાં ભૂતકાળ બનીને રહી જશે.

વિજયનગરના અભાપુર પોળો જંગલ વિસ્તારમાં પ્રવેશ કરો એટલે રાજ્ય સરકારના પુરાતત્વ વિભાગે રક્ષિત સ્મારક તરીકેનું બોર્ડ લટકાવી દીધું છે અને તેમાં વર્ષ-૧૯૬૫ ના

ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો-અવશેષો અંગેના અધિનિયમ હેઠળ આ સ્થળને રક્ષિત કરવામાં આવ્યું છે. જેથી રક્ષિત સ્મારકને કોઈ વિકૃત કરે, બગાડે તો રૂા.૫૦૦૦નો દંડ અને ૩ માસની કેદની સજાની જોગવાઈ કરવામાં આવ્યાનું પ્રવાસીઓએ જણાવ્યું છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે સાબરકાંઠાની વૈશ્વિક ઓળખ બનેલા અભાપુર-સારણેશ્વરના પુરાતત્વ સ્થળોને દરેક મોરચે ઉપેક્ષા થઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર અભાપુર પોળો વિસ્તારમાં અનેક દંતકથાઓ સાથે સંકળાયેલા મંદિરોના પુરાતત્વ અવશેષો સમાયેલા છે જેમાં આવેલું કુંડ સાથેનું મંદિર ૧૫મી સદીનું હોવાનું અનુમાન કરવામાં આવે છે અને આ સ્થળને શિવ ત્રાયતનના વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. સ્થળને રક્ષિત કર્યું હોવા છતાં તેના વેરવિખેર પડેલા અવશેષોની કોઈ સલામતી જ નથી. તે જ રીતે અભાપુર જૈન ટેમ્પલનું સૌંદર્ય મંડીત આકારનું મંદિર પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે પરંતુ તેના અવશેષો પણ જે કંઈ બચ્યા છે તે સરકાર અને તેનું પુરાતત્વ વિભાગ સાચવે તો પણ ઘણું છે.

ગુજરાત સરકાર પ્રવાસન ધામોના વિકાસ માટે દર વર્ષે કરોડો રૂપિયા ફાળવે છે પરંતુ તેમાં કેટલાં પ્રવાસન ધામોનો વિકાસ થયો તેનું સાચું તથ્ય જાણવાનો પ્રયાસ થયો છે ખરો..?? મત બેન્કની જેમ તમામ પ્રાચીન સ્થળોને સાચવવાની લ્હાયમાં આચમન જેટલી ગ્રાન્ટ ફળવાય છે જેના કારણે ૧૪ વર્ષ પછી પણ પુરાતન સ્થળોનો વિકાસ થયો નથી. વિકાસ તો દૂર પરંતુ મુલાકાતે આવતા પ્રવાસીઓને બેસવા, પાણી પીવા અને શૌચાલયની પણ યોગ્ય સુવિધાઓ નથી. ટૂંકમાં વૈશ્વિન ફલક ઉપર ખ્યાતિ મેળવનાર અભાપુર જંગલના મંદિરોના પ્રાચીન અવશેષોની જાળવણી થતી નથી જેના કારણે અનેક અવશેષો ગુમ થઈ ગયા છે. સલામતી માટે પણ કોઈ નક્કર પગલાં ભરાયાં નથી જેથી ગમે ત્યારે અન્ય ઘટનાઓ બનવાની પણ સંભાવના વધી છે.

હાથરોલમાં ખેડૂતના ઘર પાછળથી મગફળી ભરેલા ૧૫ કોથળાની ચોરી

હિંમતનગર તાલુકાના હાથરોલ ગામે ખેડૂતના ઘર પાછળની ચોપાળમાં મૂકેલા મગફળી ભરેલા ૧૫ કોથળા ચોરાઈ ગયા હતા. પોલીસે ગામના સી.સી.ટીવી ફૂટેજ તપાસતાં મગફળી ચોર તસ્કરો સી.સી. ટીવીમાં દેખાયા બાદ પોલીસે પુરાલ ગામના એક તસ્કરને ઝડપી અન્ય બે તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

હાથરોલ ગામના પંકજભાઈ કેશાભાઈ પટેલે ખેતરમાં મગફળીનું વાવેતર કર્યા પછી કોથળા ભરેલો મગફળીનો જથ્થો પોતાના ઘર પાછળની ચોપાળમાં સારા ભાવ મળવાની આશાએ મૂકી રાખ્યો હતો જે દરમ્યાન તા.૧૭ની રાત્રે પુરાલ ગામનો રાહુલ ઉર્ફ ટાઈગર રમેશજી ચૌહાણ, દશરથ રમેશજી ચૌહાણ અને માળી ગામના રવિન્દ્ર કાળજી ખાંટે ૩૫ મણ મગફળી ભરેલા ૧૫ કોથળા ઉઠાવી ફરાર થઈ ગયા હતા. રૂ. ૪૫ હજારની મગફળી ચોરાતાં ખેડૂતે ગાંભોઈ પોલીસને જાણ કરી. પોલીસ દ્વારા ગામના સી.સી. ટીવી કેમેરા ચકાસવામાં આવતાં મગફળી ચોરી જનાર રાહુલ ચૌહાણની ઓળખ થતાં તેને દબોચી લેવામાં આવ્યો છે. જ્યારે તેની સાથેના અન્ય બે મદદગારોની પોલીસ દ્વારા શોધ કરવામાં આવી રહી છે. બનાવ અંગે ખેડૂત પંકજભાઈ પટેલની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે તસ્કરીનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાયડ પોલીસની આબરૂ એફ. એસ. એલ.ના રિપોર્ટ ઉપર નિર્ભર

બાયડ, તા. ૩૦

બાયડ તાલુકાના ડેમાઈ ગામમાં સામસામે લૂંટ તેમજ એસિડ તથા આગથી હુમલાની ફરિયાદ નોંધાયા પછી ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડતા થયા છે. બાયડ પોલીસે ફરિયાદ નોંધવામાં કાચુ કાપ્યાની આશંકાથી તાબડતોબ વૈજ્ઞાનિક ઢબે ફરિયાદની ભીતરમાં સાચું શું છે તે જાણવાના પ્રયાસ રૂપે એફ.એસ.એલ.ની મદદ લેવાઈ છે. એફ.એસ.એલ.ની ટીમે હુમલાના સ્થળેથી કેટલાક સેમ્પલ મેળવ્યા પછી ફરિયાદના કપડાં ઉપર કોઈ જલદ પ્રવાહી ફેંકાયું છે કે કેમ..?? તેની તપાસ કરશે ત્યાં સુધી બાયડ પોલીસની આબરૂ સચવાયેલી રહેશે અને એફ.એસ.એલ. રિપોર્ટમાં સ્થાનિકોના જવાબ મુજબ કશું જ બહાર નહીં આવે તો બાયડ પોલીસ મથકમાં મોટાપાયે સાફસૂફી સંભવ બની શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના ડેમાઈ ગામમાં ગત તા.૧૮ જાન્યુઆરીના રોજ બપોરે દોઢ વાગે તરંગ ચીમનભાઈ પટેલ અને કિર્તી ગીરીશભાઈ પટેલ વચ્ચે બોલાચાલી થયા પછી એકબીજાએ સામસામે લૂંટ સહિત પોલીસ સમક્ષ જે બયાન કર્યું તે પ્રમાણે બાયડ પોલીસે ફરિયાદ નોંધી તત્કાલ ૫ આરોપીઓને પૂછપરછ માટે લઈ આવી હતી. એસિડ તથા આગથી હુમલા જેવો ગંભીર બનાવ હોવાથી નાયબ પોલીસ વડા ભરત બસીયા બનાવ સ્થળે પહોંચ્યા હતા જ્યાં સ્થળ નિરીક્ષણ કર્યા પછી સ્થાનિકો સાથે પૂછપરછ કરતાં મારામારી થઈ હતી પરંતુ લૂંટ તેમજ કોઈ જલદ પ્રવાહી કે આગથી હુમલા જેવી કોઈ ઘટના તેમને નિહાળી ન હોવાનું જણાવતાં ખુદ પોલીસ અધિકારીએ ફરિયાદમાં કેટલું તથ્ય છે તે બાબતે આશંકા વ્યક્ત કરી એફ.એસ.એલ.ની મદદ લેવા માટે બાયડ પોલીસને જાણકારી આપી હતી.

બીજા દિવસે એફ.એસ.એલ.ની ટીમે ગુનાના સ્થળથી કેટલાક સેમ્પલ લઈને રવાના થઈ ગઈ છે પરંતુ હવે એફ.એસ.એલ.નો રિપોર્ટ ક્યારે જાહેર થશે..?? ફરિયાદીઓ સાચા છે કે ખોટા..?? તેને લઈને પણ અનેક લોકચર્ચાઓ ચાલી રહી છે. બાયડ પોલીસની વિશ્વસનીયતા ઉપર અનેક અરજદારોએ પહેલાંથી આશંકા વ્યક્ત કરી છે. ૨ મહિના અગાઉ વ્યાજખોરો સામે કાર્યવાહી કરવા લોક દરબાર યોજાયો તેમાં પણ પોલીસે વ્યાજખોરોનો સાચવવાના અઢળક પ્રયાસ કરતાં એકંદરે લોક દરબારનો ફિયાસ્કો થયા જેવી સ્થિતિ સામે આવી હતી. ત્યારે ડેમાઈની ગંભીર ફરિયાદમાં એફ.એસ.એલ.ના રિપોર્ટ બાદ બાયડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામે ગંભીર પગલાં ભરાશે કે કેમ.?? તે મુદ્દે અટકળો શરુ થઈ છે.

બાયડમાં વર્ષોથી એક જ રાઈટરના અડીગા...

બાયડ પોલીસ સ્ટેશનના રાઈટર કોઈના મોબાઈલ ઉપાડતા નથી અને કોઈપણ પોલીસ અધિકારી નિયુક્ત થાય એટલે તેમની બદલી ન થઈ જાય તે માટે કોઈકનું દબાણ લાવતા હોવાની ચર્ચા છે. આમ તો રાઈટરની મલાઈદાર પોસ્ટ ઉપર દોઢથી બે વર્ષે બદલી થવી જોઈએ પરંતુ છેલ્લા ૩-૪ વર્ષથી રાઈટરની બદલી થઈ નથી અને થઈ હોય તો ગણતરીના દિવસો અન્ય પોલીસ સ્ટેશનમાં જઈ આવી પાછા એ જ સ્થળે ગોઠવાઈ જતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

મિશ્ર ઋતુનો ખોફ, વાયરલ દર્દીઓની સંખ્યામાં ઉછાળો

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાત્રે તિવ્ર ઠંડી, દિવસે ગરમીનો અનુભવ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાત્રે તિવ્ર ઠંડી અને દિવસે ગરમીના અનુભવના કારણે મિશ્ર ઋતુનો માહોલ ઉભો થયો છે. જેના કારણે વાયરલ દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આગામી સપ્તાહમાં જ ખાનગી હોસ્પિટલો દર્દીથી ઉભરાય તેવી દહેશત ઉભી થઈ છે. મિશ્ર ઋતુના કારણે અસ્થમાના દર્દીઓની હાલત દયનીય બની છે.

રાજ્યમાં એકાએક ઠંડીનું પ્રમાણ વધતાં ઘઉં, રાયડા, બટાકા સહિતની ખેતીને ફાયદો થઈ રહ્યો છે પરંતુ પ્રજાના આરોગ્યને મોટાપાયે નુકસાન થઈ રહ્યું છે. કારણ કે રાત્રે કાતિલ ઠંડી અને દિવસે ગરમીના કારણે માત્ર ૧૨ કલાકમાં જ તાપમાનમાં ૮ થી ૧૨ ડીગ્રીના ફેરફારના કારણે માનવ શરીર બદલાતા તાપમાનને અનુકુલન સાધવામાં શરદી, તાવ અને ઉધરસના ખપ્પરમાં આવી જાય છે જેના કારણે ગામે ગામ લગ્નની સીઝનમાં જ માંદગીના ખાટલા ઢળાયા છે. જે રીતે મિશ્ર ઋતુ હાવિ થઈ રહી છે તે જોતાં લગ્નસરાની જેમ હવે માંદગીની સીઝન ઉંચકાય તેવી સંભાવના તબીબોએ વ્યક્ત કરી છે. છેલ્લા ૫ દિવસમાં જ મિશ્ર ઋતુના કારણે વાયરલ દર્દીઓની સંખ્યામાં પાંચગણો વધારો થયો છે. અરવલ્લી જિલ્લામાં તો સ્વાઈનફ્લુનો રોગચાળો ફરીથી માથું ઉંચકી રહ્યો છે જેથી આરોગ્ય તંત્રની ચિંતા પણ વધી ગઈ છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧